મહેસાણા, અમદાવાદ, ગાંધીનગર, સુરત, પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લીમાં બહોળો ફેલાવો ધરાવતું એકમાત્ર નિષ્પક્ષ અખબાર

સત્ય એના પૂર્ણ સ્વરૂપમાં...

# ગરવી તાકાત

GARVI TAKAT DAILY દૈનિક

તંત્રી : પ્રકાશ આર. ચૌધરી

૧૨-૦૭-૨૦૨૬
રવિવાર

વર્ષ : ૧૨ ★ અંક નં : ૮૫
પેજ : ૪ ★ વિક્રમ સંવત : ૨૦૮૨

કાર્યાલય : ૯, અંબિકા કોમ્પ્લેક્ષ, ટી.બી. રોડ, ભમરિયાનાળા પાસે, મહેસાણા-૨ ● ફોન : ૦૨૭૬૨ ૨૪૨૨૦૧ ● મો : ૯૨૨૭૧ ૧૩૫૫૫ ● કિંમત રૂા.૩-૦૦ ● Email : garvitakat1511@gmail.com ● www : garvitakat.com •• RNI No. GUJGUJ/2015/61367

ગરવી તાકાત
હવે આંગળીના ટેરવે
તમારા ગામ કે શહેરના સમાચાર વાંચો વેબ પોર્ટલ ઉપર આંગળીના ટેરવે
Garvitakat.com
લિંક પર કલીક કરો અને તમારા ગામના કે શહેરના લેટેસ્ટ સમાચાર તથા ઈ-પેપર તમારા મોબાઈલમાં વાંચો

# ખેતી બેંકના ચેરમેન ડોલર કોટેચાનો કારસોઃ કાયદો અને કોર્ટને અભરાઈએ ચડાવી કૌભાંડ આચર્યાનો આક્ષેપ

## ખેડૂત ન હોવા છતાં ગેરકાયદે સભાસદ બન્યા, બિલ્ડરો પર મહેરબાની અને વિરોધ કરનાર ખેડૂતોની ધરપકડ કરાવતા રોષ



ખેતી બેંકના ચેરમેન ડોલર કોટેચા

- **ચેરમેનની ગેરલાયકાત** :પોતે ખેડૂત ન હોવા છતાં ગેરકાયદેસર રીતે શેર ખરીદી સભાસદ બન્યા.
- **નિયમો સાથે છેડછાડ** :હાઈકોર્ટમાં કેસ પડતર હોવા છતાં મનસ્વી રીતે નવા પેટાનિયમો અમલમાં મૂક્યા.
- **સત્તાનો દુરુપયોગ** :વિરોધ કરનાર ખેડૂત પ્રતિનિધિઓની પોલીસ દ્વારા અટકાયત કરાવી.
- **સત્તાવાળાઓની ભૂમિકા** :તત્કાલીન રજિસ્ટ્રાર દ્વારા ખેડૂતોને સાંભળ્યા વિના સુધારા મંજૂર કરવાની શંકાસ્પદ ભૂમિકા.

સમગ્ર ગુજરાત રાજ્યમાં ૧૭૬ શાખાઓ ધરાવતી પ્રતિષ્ઠિત 'ખેતી બેંક'ના ચેરમેન ડોલર કોટેચા વિરુદ્ધ કાયદો અને કોર્ટને ખિસ્સામાં મૂકી મનસ્વી વહીવટ ચલાવવાનો અને મોટું કૌભાંડ આચરવાનો સનસનાટીભર્યો ખુલાસો થયો છે. ચેરમેન પોતે મૂળભૂત રીતે ખેડૂત ખાતેદાર ન હોવા છતાં, સત્તા પર ટકી રહેવા માટે ગેરકાયદેસર રીતે સભાસદ બની બેંકના નિયમોના ધજાગરા ઉડાવ્યા હોવાની ચોંકાવનારી વિગતો પ્રકાશમાં આવી છે. ગુરુવારે યોજાયેલી વાર્ષિક સાધારણ સભામાં આ ગેરરીતિઓનો પર્દાફાશ ન થાય તે માટે અવાજ ઉઠાવનારા જાગૃત ખેડૂત પ્રતિનિધિઓની પોલીસ અટકાયત કરાવી દેવામાં આવતા સહકારી આલમમાં ભારે ખળભળાટ મચી ગયો છે.

મળતી માહિતી મુજબ, ડોલર કોટેચા ચેરમેન પદે ચીટકી રહેવા માટે ખેડૂત ન હોવા છતાં બેંકમાં એક નવી શાખા ઊભી કરાવી હતી. તેમાં ડિપોઝીટ જમા કરાવી રૂ. ૫,૦૦૦નો શેર લઈ ખાનગીમાં ગેરકાયદેસર રીતે સભાસદ બની ગયા હતા. રસપ્રદ વાત એ છે કે, જાગૃત ખેડૂતોએ પેટાનિયમ સુધારાઓને રાજ્ય રજિસ્ટ્રાર સમક્ષ પડકાર્યા હતા. જેમાં રજિસ્ટ્રારે કેટલાક સુધારા ગત તા. ૦૭-૦૫-૨૦૨૫ના રોજ મંજૂર કર્યા હતા. પરંતુ ચેરમેને નિયમ અમલમાં આવે તે પહેલાં જ, 'ચોરના પગ કાચા હોય' તેમ તા. ૩૧-૦૩-૨૦૨૫ના રોજ ડિપોઝીટ ભરી શેર મેળવી લીધો હતો અને એ જ દિવસે મળેલી બોર્ડ મિટિંગના એજન્ડામાં ચર્ચા કર્યા વિના જ પાછળથી પ્રોસિડિંગમાં આ અંગેનો ઠરાવ ઘુસાડી દીધો હતો.

આ સમગ્ર ગેરરીતિ અંગે ખેડૂતોએ નાયબ સચિવ (અપીલ) સમક્ષ રજૂઆત કરતાં, નાયબ સચિવે રજિસ્ટ્રારનો એ હુકમ રદ બાતલ કર્યો હતો અને ખેડૂતોનો પક્ષ સાંભળી નવેસરથી નિર્ણય કરવા કેસ રિમાન્ડ (પરત) કર્યો હતો. આ હુકમ સામે ડોલર કોટેચા અને ખેતી બેંકે હાઈકોર્ટમાં પિટિશન દાખલ કરી હતી, જેની આગામી મુદત તા. ૧૦મી સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ છે. આમ, હજુ સુધી હાઈકોર્ટ દ્વારા નાયબ સચિવના હુકમ પર કોઈ સ્ટે (મનાઈ હુકમ) આપવામાં આવ્યો ન હોવા છતાં, કોટેચાએ કાયદાનો સરેઆમ અનાદર કરીને પેટાનિયમો સાથે છેડછાડ કરવાની ગુનાહિત પ્રવૃત્તિ આચરી નવા નિયમો અમલમાં મૂકી દિધા હોવાના અહેવાલ મળ્યા છે.

અગાઉ ૧૮ ડિસેમ્બર ૨૦૨૪ના રોજ મળેલી ખાસ સાધારણ સભામાં બિન-ખેડૂત થાપણદારોને સભાસદ બનાવવા સામે ભારે હોબાળો થયો હતો, ત્યારે ચેરમેને તમામ સુધારા રદ કરવાની જાહેરાત કરી હતી. તેમ છતાં પાછળથી આ સુધારા સર્વાનુમતે મંજૂર થયા હોવાનું ખોટું પ્રોસિડિંગ ઊભું કરી રાજ્ય રજિસ્ટ્રારને મોકલી દેવાયું હતું. તત્કાલીન રજિસ્ટ્રાર એન.વી. ઉપાધ્યાયની બદલી તા. ૦૩-૦૫-૨૦૨૫ના રોજ થઈ ગઈ હોવા છતાં, તેમણે તા. ૦૭-૦૫-૨૦૨૫ના રોજ ખેડૂતોને સાંભળ્યા વિના જ શંકાસ્પદ રીતે આ સુધારા મંજૂર કરી દીધા હતા, જે બાદમાં નાયબ સચિવે રદ કર્યા હતા.

એક તરફ ખેતી બેંક દ્વારા બિલ્ડરોને કરોડો રૂપિયાના ધિરાણ (લોન) આપવામાં આવ્યા છે, જેની મુદત વીતી ગઈ હોવા છતાં ચેરમેન દ્વારા તેમની સામે કોઈ કાયદાકીય પગલાં લેવાયા નથી. બીજી તરફ, ગુરુવારે સાધારણ સભા બાદ મળેલી બોર્ડ મિટિંગમાં આ કાળા કારનામાનો પર્દાફાશ થતાં જ સમગ્ર ગેરરીતિઓ સપાટી પર આવી છે. ખેડૂતોના હિત માટે બનેલી બેંકમાં બિલ્ડરો અને બિન-ખેડૂતો રાજ કરી રહ્યા હોવાથી ખેડૂત સભાસદોમાં ભારે રોષ વ્યાપી ગયો છે. અને આ મામલે ઉચ્ચ સ્તરીય તપાસની માંગ ઉઠી છે.

# મહેસાણામાં દિવાલ ધરાશાયી થતાં મૃત્યુ પામેલા બાળકના પરિવારને રૂપિયા ૪ લાખની સહાય મંજૂર કરાઇ



## રાજ્યસભા સાંસદશ્રી મયંકભાઈ નાયકના હસ્તે મૃતકના પરિવાર જનોને રૂપિયા ૪ લાખની સહાય નો ચેક અર્પણ કરવામાં આવ્યો.

મહેસાણા શહેરના સિંધી સોસાયટી વિસ્તારમાં ગત તા.૦૫/૦૭/૨૦૨૬ના રોજ સાંજે ભારે વરસાદના કારણે દિવાલ ધરાશાયી થવાની દુર્ઘટના સર્જાઈ હતી. આ આકસ્મિક ઘટનામાં કમનસીબે ૫ વર્ષીય બાળક રુદ્ર સુનીલભાઈ દેવીપૂજકનું ઘટનાસ્થળે જ દુઃખદ અવસાન થયું હતું. આ કુદરતી આફતમાં ભોગ બનેલા માસુમ મૃતકના પરિવારને વહીવટી તંત્ર દ્વારા ત્વરિત આર્થિક રાહત પૂરી પાડવાના હેતુથી એસડીઆરએફ (જીક્રઈ÷) યોજના હેઠળ સહાય મંજૂર કરવામાં આવી હતી. આ ડિઝાસ્ટર અંતર્ગત કુદરતી માનવ મૃત્યુ સહાય અન્વયે નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ અંતર્ગત મૃતકના વાલીને રૂ.૪,૦૦,૦૦૦ (અંકે રૂપિયા ચાર લાખ પૂરા)ની આર્થિક સહાય મંજૂર કરવાનો કલેકટર કચેરી દ્વારા સત્તાવાર હુકમ કરવામાં આવ્યો હતો.

જે અંતર્ગત આજરોજ રાજ્યસભા સાંસદશ્રી મયંકભાઈ નાયકના હસ્તે મૃતકના પરિવારજનોને રૂપિયા ૪ લાખની સહાયનો ચેક અર્પણ કરવામાં આવ્યો હતો. આ સમયે નિવાસી અધિક કલેકટરશ્રી મયંક પટેલ, મહેસાણા પ્રાંત અધિકારીશ્રી ઉર્વીશ વાળંદ, મહેસાણા મામલતદાર સ્થાનિક નગરસેવકો ઉપસ્થિત રહ્યા હતા.

# મહેસાણાના આંબલીયાસણ બ્રિજ પર ગમખ્વાર અકસ્માત

મહેસાણા જિલ્લાના આંબલીયાસણ પંથકમાંથી એક અત્યંત કરુણ અને હૃદયદ્રાવક માર્ગ અકસ્માતના સમાચાર સામે આવ્યા છે. આંબલીયાસણ બ્રિજ પર પીકઅપ ડાલાના ચાલકની બેદરકારીભરી ડ્રાઈવિંગના કારણે એક આશાસ્પદ યુવાનનું અકાળે અવસાન થતા સમગ્ર વિસ્તારમાં શોકની લાગણી વ્યાપી ગઈ છે.

મળતી માહિતી મુજબ, કુલદીપજી ઠાકોર નામના યુવાન પોતાનું બાઈક લઈને આંબલીયાસણ બ્રિજ પરથી નીચે ઉતરી રહ્યા હતા. આ દરમિયાન તેમની આગળ જઈ રહેલા એક પીકઅપ ડાલાના ચાલકે કોઈપણ પ્રકારના સંકેત આપ્યા વિના અચાનક જ જોરદાર બ્રેક મારી દીધી હતી. બ્રિજ ઉતરતી વખતે વાહનની ગતિ હોવાથી કુલદીપજી પોતાનું બાઈક કાબૂમાં રાખી શક્યા નહોતા અને તેમનું બાઈક સીધું જ પીકઅપ ડાલાની પાછળ ધડાકાભેર ઘુસી ગયું હતું.આ ટક્કર એટલી ગંભીર હતી કે બાઈક ચાલક કુલદીપજી ઠાકોર ફંગોળાઈને રોડ પર પટકાયા હતા. તેમને માથા અને શરીરના અન્ય ભાગો પર ગંભીર ઈજાઓ પહોંચી હતી. આસપાસના લોકોએ તાત્કાલિક લોહીલુહાણ હાલતમાં તેમને નજીકની એસએમસી હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડ્યા હતા. જોકે, હોસ્પિટલમાં ટૂંકી સારવાર બાદ કમનસીબે આ આશાસ્પદ યુવાને અંતિમ શ્વાસ લીધા હતા.ઘટનાની જાણ થતા જ લાંઘણજ પોલીસ સ્ટેશનનો કાફલો તાત્કાલિક હોસ્પિટલ અને ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. પોલીસે મૃતક યુવાનના શવને પોસ્ટમોર્ટમ અર્થે મોકલી આપી અકસ્માતનો ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. અકસ્માત સર્જીને ફરાર થઈ ગયેલા પીકઅપ ડાલાના ચાલકને પકડવા પોલીસે ટીમો બનાવી તપાસ તેજ કરી છે. આરોપી ચાલક વિરુદ્ધ કાયદેસરની કલમો હેઠળ ગુનો નોંધી તેની ધરપકડના ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે.

# વિસનગરના લાછડી ગામમાં ૧૦ વર્ષીય બાળકનો રિપોર્ટ પોઝિટિવ આવતા તંત્ર સતર્ક



રાજ્યના પંચમહાલ અને સાબરકાંઠા બાદ હવે મહેસાણા જિલ્લામાં પણ ચાંદીપુરા વાયરસની એન્ટ્રી થતા આરોગ્ય વિભાગ એલર્ટ મોડ પર આવી ગયું છે. વિસનગર તાલુકાના લાછડી ગામમાં ૧૦ વર્ષીય બાળકને ચાંદીપુરા વાયરસનો ચેપ લાગ્યો હોવાનું સામે આવતા સમગ્ર વિસ્તારમાં ચિંતા પ્રસરી છે. આરોગ્ય વિભાગ દ્વારા પ્રાપ્ત વિગતો મુજબ, હાલ બાળકની તબિયત સ્થિર છે અને તેને વડનગર સિવિલ હોસ્પિટલમાં નિષ્ણાત તબીબોની દેખરેખ હેઠળ સારવાર આપવામાં આવી રહી છે.

ઘટનાક્રમની વિગત મુજબ, લાછડી ગામના આ ૧૦ વર્ષીય બાળકને ગત ૭ જુલાઈના રોજ તાવ સાથે ખેંચ આવવાની ગંભીર સમસ્યા જોવા મળી હતી. શરૂઆતમાં તેને સારવાર માટે વિસનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો, પરંતુ વધુ સારવારની જરૂરિયાત જણાતા તેને વડનગર સિવિલ હોસ્પિટલમાં રિફર કરાયો હતો. વડનગર ખાતે હોસ્પિટલ દ્વારા લેવામાં આવેલા સેમ્પલ લેબોરેટરીમાં તપાસ માટે મોકલાતા, ગત રાત્રે રિપોર્ટ પોઝિટિવ આવતા તંત્રમાં દોડધામ મચી ગઈ હતી.

રિપોર્ટ પોઝિટિવ આવતાની સાથે જ આરોગ્ય વિભાગની ટીમે તાત્કાલિક લાછડી ગામને કવચમાં લેવાનું શરૂ કર્યું છે. ગામમાં ઘરે-ઘરે જઈને આરોગ્ય કર્મચારીઓ દ્વારા તપાસ કરવામાં આવી રહી છે અને સઘન સર્વેલન્સ હાથ ધરવામાં આવ્યું છે. આ ઉપરાંત, રોગચાળો ફેલાતો અટકાવવા માટે સમગ્ર ગામમાં મેલેરિયાનો પાવડર અને મચ્છરજન્ય રોગોને નાથવા માટે દવાનો છંટકાવ કરવાની કામગીરી યુદ્ધના ધોરણે કરવામાં આવી રહી છે.આરોગ્ય વિભાગે નાગરિકોને સાવચેતી રાખવા માટે ખાસ અનુરોધ કર્યો છે. વાલીઓને અપીલ કરવામાં આવી છે કે જો તેમના બાળકોમાં તાવ કે અન્ય કોઈપણ શંકાસ્પદ લક્ષણો જણાય તો વિલંબ કર્યા વગર નજીકની હોસ્પિટલનો સંપર્ક કરવો, જેથી સમયસર નિદાન અને સારવાર શક્ય બને

# વિજાપુર પોલીસે ૧૧ લાખની છેતરપિંડીનો પર્દાફાશ કર્યોઃ ત્રણ આરોપીઓ ઝડપાયા

નવી ચલણી નોટોના બદલામાં બે ગણી રકમ આપવાની લાલચ આપીને ૧૧ લાખ રૂપિયાની છેતરપિંડી આચરનાર ટોળકીને વિજાપુર પોલીસે ગણતરીના કલાકોમાં જ દબોચી લીધી છે. આ સમગ્ર ઘટનામાં ત્રણ આરોપીઓની ધરપકડ કરી પોલીસે તેમની પાસેથી રોકડ, ગાડીઓ અને મોબાઈલ સહિતનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

આરોપીઓએ ફરિયાદી અને તેમના સાથીદારોને વિશ્વાસમાં લેવા માટે એક આકર્ષક સ્કીમ રજૂ કરી હતી. તેમણે દાવો કર્યો હતો કે જો તેઓ નવી કેશ નોટો આપશે, તો તેના બદલામાં તેઓ બે ગણી કિંમતની થોડી ફાટેલી અને કોસ કટિંગવાળી અલગ-અલગ દરની ચલણી નોટો આપશે. આ લાલચમાં આવીને ફરિયાદી નવા સંઘપુર ગામે પહોંચ્યા હતા, જ્યાં આરોપીઓએ તેમની પાસેથી ૧૧ લાખ રૂપિયા પડાવી લઈ છેતરપિંડી આચરી હતી. આ બનાવ અંગે વિજાપુર પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ ૩૧૮(૪) અને ૫૪ મુજબ ગુનો નોંધીને તપાસ હાથ ધરવામાં આવી હતી.

ગુનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને વિજાપુર પોલીસ ઇન્સ્પેક્ટર આર.જે. ચૌહાણ અને તેમની ટીમે ટેકનિકલ તેમજ હ્યુમન સોર્સિસની મદદથી તપાસ શરૂ કરી હતી. પોલીસે ગણતરીના કલાકોમાં જ આ ગુનામાં સંડોવાયેલા શૈલેષસિંહ રાઠોડ (ખડાત, માણસા), રવિન્દ્રસિંહ રાઠોડ (નવા સંઘપુર, વિજાપુર) અને વસાયા ઉર્ફે વસીમ પઠાણ (ભુજ, કચ્છ)ને ઝડપી પાડ્યા હતા.

આ કાર્યવાહી દરમિયાન પોલીસે આરોપીઓ પાસેથી કુલ ૧૨.૨૩ લાખથી વધુનો મુદ્દામાલ કબજે કર્યો છે. જેમાં ૪ લાખની રોકડ, ૩.૨૩ લાખનો સોનાનો દોરો, ૧.૫૦ લાખની કિંમતની આઈ-૧૦ ગાડી, ૨.૫૦ લાખની કિંમતની બલેનો ગાડી અને ૧ લાખના ૩ મોબાઈલ ફોનનો સમાવેશ થાય છે. હાલ પોલીસે તમામ મુદ્દામાલ કબ્જે કરીને આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ગણપત યુનિવર્સિટીના કમ્પ્યુટર ઈન્સ્ટિટ્યૂટ દ્વારા ઉત્સાહભેર ઉજવાયો ઓરિએન્ટેશન અવસર

## નવો પ્રવેશ મેળવનાર ૫૦૦ જેટલાં વિદ્યાર્થીઓ સમક્ષ શૈક્ષણિક શ્રેષ્ઠતા, નવીનતા અને મૂલ્ય આધારિત શિક્ષણ પ્રત્યેની પ્રતિબદ્ધતા યુનિવર્સિટી દ્વારા વ્યક્ત કરવામાં આવી હતી.







ગણપત યુનિવર્સિટીની ફેકલ્ટી ઓફ કમ્પ્યુટર એપ્લિકેશન્સ (FCA) દ્વારા ગુરુવાર, ૯ જુલાઈ ૨૦૨૬ના રોજ શૈક્ષણિક વર્ષ ૨૦૨૬–૨૦૨૭માં નવા પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ માટે ઓરિએન્ટેશન પ્રોગ્રામ–૨૦૨૬નું આયોજન કરાયું, જેમાં આશરે ૫૦૦ નવા પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ તથા તેમના વાલીઓનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું.

ગણપત યુનિવર્સિટીના ઓડિટોરિયમ ખાતે યોજાયેલા આ કાર્યક્રમમાં આચાર્ય મોતીભાઈ પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ કમ્પ્યુટર સ્ટડીઝ (AMPICS) તથા ડિપાર્ટમેન્ટ ઓફ કમ્પ્યુટર સાયન્સના BCA (Hons), MCA, B.Sc IT (Hons) અને M.Sc (IT)ના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ અભ્યાસક્રમોમાં AI & ML, Cyber Secu®iy, Data Science તેમજ Infrastructure & Management જેવી વિવિધ વિશેષતાઓનો સમાવેશ થાય છે.

કાર્યક્રમની શરૂઆત સરસ્વતી વંદના અને દીપ પ્રાગટ્ય સાથે કરવામાં આવી હતી, જે નવા શૈક્ષણિક પ્રવાસની શુભ શરૂઆતનું પ્રતિક છે. આ પ્રસંગે મહાનુભાવો, અધ્યાપકો, વિદ્યાર્થીઓ અને વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ દ્વારા ગણપત યુનિવર્સિટીની શૈક્ષણિક શ્રેષ્ઠતા, નવીનતા અને મૂલ્યઆધારિત શિક્ષણ પ્રત્યેની પ્રતિબદ્ધતાને વ્યક્ત કરવામાં આવી હતી.

માનનીય પેટ્રન-ઇન-ચિફ અને પ્રમુખ, ગણપત યુનિવર્સિટી પદ્મશ્રી ડૉ. ગણપત આઈ. પટેલ, એ પોતાના પ્રેરણાદાયી વક્તવ્યમાં વિદ્યાર્થીઓને જ્ઞાન સાથે મૂલ્યો અને સારા ચારિત્ર્ય ધરાવતા વ્યાવસાયિક બનવા માટે પ્રોત્સાહિત કર્યા હતા. તેમણે જણાવ્યું હતું કે શિક્ષણ માત્ર ડિગ્રી મેળવવાનું સાધન ન બની રહે, પરંતુ તે વિદ્યાર્થીઓને જવાબદાર, નૈતિક અને રાષ્ટ્રનિર્માણ માટે પ્રતિબદ્ધ નાગરિક બનાવે તે વધુ મહત્વનું છે.

સાયન્ટિસ્ટ–G, સેન્ટર ફોર ડેવલપમેન્ટ ઓફ એડવાન્સ્ડ કમ્પ્યુટિંગ (C-DAC), મુંબઈ મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહેલા ડૉ. પદ્મજા પટવર્ધન જોશીએ વિદ્યાર્થીઓને નવીનતા, સંશોધન અને સતત શિક્ષણ અપનાવવા પ્રેરિત કર્યા હતા. તેમણે વિદ્યાર્થીઓને જિજ્ઞાસુ રહેવા, પોતાની ટેકનિકલ ક્ષમતાઓ વધુ મજબૂત બનાવવા અને જ્ઞાન, સર્જનાત્મકતા તથા સમર્પણના આધારે ભારતના ઝડપથી વિકસતા ડિજિટલ અને ટેકનોલોજી ક્ષેત્રમાં યોગદાન આપવા અપીલ કરી હતી.

માનનીય ગ્રૂપ પ્રો-ચાન્સેલર અને જોઈન્ટ પ્રેસિડન્ટ, ગણપત યુનિવર્સિટી ડૉ. મહેન્દ્ર શર્માએ ઉદ્યોગ સાથે સંકળાયેલા શિક્ષણ દ્વારા વિદ્યાર્થીઓને વૈશ્વિક કારકિર્દી માટે તૈયાર કરવાની યુનિવર્સિટીની દૃષ્ટિ વિશે માર્ગદર્શન આપ્યું હતું. તેમણે વિદ્યાર્થીઓને નવીનતા, કૌશલ્ય વિકાસ, આંતરવિષયક અભ્યાસ અને જીવનભર શીખવાની ભાવના વિકસાવી ભવિષ્યના પડકારોનો સામનો કરવા સક્ષમ બનવા પ્રેરિત કર્યા હતા.

માનદ અધ્યક્ષ અને ડિરેક્ટર, GESIA IT એસોસિએશન તથા ડિરેક્ટર અને COO, Adit Microsys Pvt. Ltd. શ્રી સત્યાર્થ શ્રીવાસ્તવે વિડિયો સંદેશ દ્વારા વિદ્યાર્થીઓને ટેકનિકલ જ્ઞાનમાં સતત વધારો કરવા, નવી ટેકનોલોજીથી માહિતગાર રહેવા, સમસ્યાઓના ઉકેલની ક્ષમતા વિકસાવવા અને નવીન વિચારસરણી અપનાવવા પ્રેરિત કર્યા હતા. તેમણે જણાવ્યું હતું કે બદલાતી IT ઇન્ડસ્ટ્રીમાં સફળતા મેળવવા માટે અનુકૂલનક્ષમતા, વ્યાવસાયિકતા, નૈતિકતા અને સતત શિક્ષણ અત્યંત જરૂરી છે.
સિનિયર પ્રો-વાઇસ ચાન્સેલર અને સિનિયર એક્ઝિક્યુટિવ ડીન, ફેકલ્ટી ઓફ કમ્પ્યુટર એપ્લિકેશન્સ ડૉ. સત્યેન પારેખે વિદ્યાર્થીઓને યુનિવર્સિટીના શૈક્ષણિક સંસાધનો, ઉદ્યોગ સાથેના સહયોગ, સંશોધનની તકો અને અનુભવ આધારિત શિક્ષણનો પૂરતો લાભ લઈને સફળ કારકિર્દી ઘડવા માટે પ્રોત્સાહિત કર્યા હતા.

એક્ઝિક્યુટિવ ડીન (ફેકલ્ટી ઓફ કમ્પ્યુટર એપ્લિકેશન્સ એન્ડ એકેડમિક ક્વોલિટી એશ્યોરન્સ), ગણપત યુનિવર્સિટી ડૉ. શ્રીધરન રાજગોપાલે ઉપસ્થિત સૌનું સ્વાગત કર્યું હતું અને વિદ્યાર્થીઓને શિસ્ત, જિજ્ઞાસા, નવીનતા તથા જીવનભર શીખવાની ભાવના સાથે શૈક્ષણિક શ્રેષ્ઠતા હાંસલ કરવા પ્રેરિત કર્યા હતા.ઓરિએન્ટેશન કાર્યક્રમમાં સફળતા મેળવેલ પુર્વ વિદ્યાર્થીઓ અને ઉદ્યોગજગતના અગ્રણીઓ સાથે પ્રેરણાદાયી સંવાદ પણ યોજાયો હતો. તેમાં સિનિયર સોફ્ટવેર એન્જિનિયર, MasterCard શ્રી મુકેશ પટેલ; ચીફ ટેક્નોલોજી ઓફિસર, Aavenir Software Pvt. Ltd. શ્રી ગૌરાંગ સોની; તથા TL–Engineering, Asite - અમદાવાદ શ્રી ભૌમિક જોશીએ પોતાના વ્યાવસાયિક અનુભવના આધારે નવી ટેકનોલોજી, ઉદ્યોગની અપેક્ષાઓ, નેતૃત્વ, નવીનતા, સંવાદ કૌશલ્ય, સતત શિક્ષણ અને કારકિર્દીની તૈયારી અંગે ઉપયોગી માર્ગદર્શન આપ્યું હતું. તેમણે વિદ્યાર્થીઓને વૈશ્વિક ઉદ્યોગની બદલાતી જરૂરિયાતો માટે તૈયાર રહેવા પ્રેરિત કર્યા હતા.
આ પ્રસંગે ડીન, ફેકલ્ટી ઓફ કમ્પ્યુટર એપ્લિકેશન્સ, ગણપત યુનિવર્સિટી ડૉ. નિર્ભય ચૌબે; PG પ્રોગ્રામ કો-ઓર્ડિનેટર ડૉ. અજય પટેલ; UG પ્રોગ્રામ કો-ઓર્ડિનેટર ડૉ. કેતન પટેલ; પ્રોગ્રામ કો-ઓર્ડિનેટર ડૉ. ભાવેશ પટેલ; તેમજ મ્ઝછ પ્રોગ્રામ કો-ઓર્ડિનેટર ડૉ. સાવન પટેલ પણ ઉપસ્થિત રહ્યા હતા.
કાર્યક્રમનું એક મહત્વપૂર્ણ આકર્ષણ સ્ટુડન્ટ ઓથ સેરેમની રહ્યું હતું, જેમાં તમામ નવા પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓએ શૈક્ષણિક પ્રામાણિકતા, ઈમાનદારી, શિસ્ત, સર્વસમાવેશકતા, નૈતિક આચરણ, સામાજિક જવાબદારી અને ગણપત યુનિવર્સિટીના મુલ્યો તથા પરંપરાઓ જાળવી રાખવાની પ્રતિજ્ઞા લીધી હતી.

આજના કાર્યક્રમ સાથે આઠ દિવસીય ઓરિએન્ટેશન અને ઇન્ડક્શન પ્રોગ્રામનો પ્રારંભ થયો હતો. આ કાર્યક્રમનો હેતુ વિદ્યાર્થીઓને યુનિવર્સિટીના શૈક્ષણિક નિયમો, અભ્યાસક્રમની રચના, પરીક્ષા પદ્ધતિ, વિદ્યાર્થી સહાય સેવાઓ, નવીનતા અને ઉદ્યોગસાહસિકતા પહેલ, ઉદ્યોગ સાથેનો સંપર્ક, પ્રયોગશાળાઓની જાણકારી, સંશોધનની તકો, વ્યાવસાયિક નૈતિકતા, સોફ્ટ સ્કિલ્સ, આરોગ્ય અને માનસિક સુખાકારી અંગે જાગૃતિ, કારકિર્દી માર્ગદર્શન તેમજ વિવિધ સહઅભ્યાસિક અને અભ્યાસેતર પ્રવૃત્તિઓ વિશે વ્યાપક માહિતી આપવાનો રહ્યો.

કાર્યક્રમના અંતે ડીન, ફેકલ્ટી ઓફ કમ્પ્યુટર એપ્લિકેશન્સ, ગણપત યુનિવર્સિટી ડૉ. નિર્ભય ચૌબેએ સૌનો આભાર વ્યક્ત કર્યો હતો. તેમણે પદ્મશ્રી ડૉ. ગણપત આઈ. પટેલ, ડૉ. મહેન્દ્ર શર્મા, યુનિવર્સિટીના અગ્રણીઓ, મુખ્ય અતિથિ, ઉદ્યોગજગતના નિષ્ણાતો, પૂર્વ વિદ્યાર્થીઓ, અધ્યાપકો, વાલીઓ અને વિદ્યાર્થીઓનો કાર્યક્રમને સફળ બનાવવા બદલ હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો. સાથે જ આયોજન સમિતિ, મીડિયા ટીમ, અધ્યાપકો, સ્ટાફ, સ્વયંસેવકો અને વિદ્યાર્થી સંયોજકોના સમર્પિત પ્રયાસોની પણ પ્રશંસા કરી હતી, જેના કારણે સમગ્ર કાર્યક્રમનું સફળ આયોજન શક્ય બન્યું હતું.

આ ઓરિએન્ટેશન કાર્યક્રમ દ્વારા ગણપત યુનિવર્સિટીની ફેકલ્ટી ઓફ કમ્પ્યુટર એપ્લિકેશન્સે સર્વાંગી, ઉદ્યોગલક્ષી અને મૂલ્યઆધારિત શિક્ષણ દ્વારા સક્ષમ, નવીન, નૈતિક અને સામાજિક રીતે જવાબદાર વ્યાવસાયિકો ઘડવાની પોતાની પ્રતિબદ્ધતાને વધુ એક વખત દ્રઢ કરી હતી. સાથે જ વિદ્યાર્થીઓને સફળ શૈક્ષણિક અને વ્યાવસાયિક જીવન માટે મજબૂત પાયો પૂરો પાડવાનો સંકલ્પ પણ વ્યક્ત કર્યો હતો.

દુકાનના કર્મચારી સહિતના સાગરીતોની શોધખોળ તેજ

# અમદાવાદમાં જીન્સ અને લેડીઝવેર ચોરી કરનાર ગેંગનો પર્દાફાશ



અમદાવાદ,તા.૧૧

અમદાવાદમાં કાપડના વેપારીઓને નિશાન બનાવી લાખો રૂપિયાના લેડીઝવેર અને જીન્સની ચોરી કરનાર ગેંગનો પોલીસે પર્દાફાશ કર્યો છે. કાગડાપીઠ અને કાલુપુર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા બે અલગ-અલગ ચોરીના ગુનાઓની તપાસ દરમિયાન પોલીસે ત્રણ આરોપીઓની ધરપકડ કરી છે, જ્યારે મુખ્ય સૂત્રધાર સહિત પાંચ આરોપીઓ હજુ ફરાર છે. તપાસ દરમિયાન કુલ ૪.૦૯ લાખનો ચોરીનો મુદામાલ પણ કબજે કરવામાં આવ્યો છે.

પોલીસના જણાવ્યા મુજબ, સમગ્ર કાવતરાનો મુખ્ય આરોપી કાપડની દુકાનમાં કામ કરતો એક કર્મચારી હતો. દુકાનની આંતરિક કામગીરી અને માલની અવરજવર અંગે સંપૂર્ણ જાણકારી હોવાના કારણે તેણે પોતાના સાગરીતો સાથે મળીને ચોરીની યોજના બનાવી હતી. ત્યારબાદ દુકાનમાંથી મોટી સંખ્યામાં લેડીઝવેર અને જીન્સની ચોરી કરીને તે અન્ય લોકોની મદદથી વેચવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

તપાસ દરમિયાન પોલીસે કાગડાપીઠ અને કાલુપુર વિસ્તારમાં નોંધાયેલા બંને ગુનાઓને સાંકળી ટેક્નિકલ પુરાવા, પૂછપરછ અને અન્ય માહિતીના આધારે આરોપીઓ સુધી પહોંચવામાં સફળતા મેળવી હતી. કોર્ટે રિમાન્ડ મંજૂર કર્યા બાદ પૂછપરછ દરમિયાન સમગ્ર કૌભાંડનો ભેદ ખુલ્યો હતો. પોલીસે ચોરીમાં મદદ કરનાર બે વ્યક્તિઓ અને ચોરીનો માલ ખરીદનાર એક વેપારીની ધરપકડ કરી છે.

પોલીસે આરોપીઓ પાસેથી મોટી માત્રામાં ચોરીનો માલ કબજે કર્યો છે. તેમાં કાગડાપીઠ વિસ્તારમાં થયેલી ચોરીના કેસમાં ૫૮૨ જેટલા લેડીઝવેરના નંગ, જેમાં કુર્તી, ટુ-પીસ અને થ્રી-પીસ ડ્રેસનો સમાવેશ થાય છે, તેમજ એક મોબાઈલ ફોન જપ્ત કરવામાં આવ્યો છે. ઉપરાંત કાલુપુર વિસ્તારમાં થયેલી ચોરીના કેસમાં ૪૦૭ જીન્સ પેન્ટ પણ કબજે કરવામાં આવ્યા છે. બંને કેસમાંથી મળીને કુલ ૪.૦૯ લાખનો મુદામાલ પોલીસે રિકવર કર્યો હોવાનું જણાવાયું છે.

આ કેસમાં ધરપકડ કરાયેલા આરોપીઓમાં ચોરીમાં મદદ કરનાર બે વ્યક્તિઓ અને ચોરીનો માલ ખરીદનાર વેપારીનો સમાવેશ થાય છે. બીજી તરફ સમગ્ર કાવતરાનો મુખ્ય આરોપી સંજય, જે દુકાનમાં કર્મચારી તરીકે કામ કરતો હતો, હજુ પોલીસ પકડથી દૂર છે. તેની સાથે સંડોવાયેલા અન્ય ચાર સાગરીતો પણ હાલ ફરાર હોવાનું પોલીસે જણાવ્યું છે.

અમદાવાદ પોલીસે ફરાર આરોપીઓને ઝડપી પાડવા માટે અલગ-અલગ ટીમો બનાવી તપાસ તેજ કરી છે. પોલીસનું માનવું છે કે ટૂંક સમયમાં બાકીના આરોપીઓને પણ ઝડપી લેવામાં આવશે.

આ ઘટનાએ વેપારીઓ માટે પોતાના કર્મચારીઓની પસંદગી, સ્ટોક મેનેજમેન્ટ અને સુરક્ષા વ્યવસ્થાને વધુ મજબૂત બનાવવાની જરૂરિયાત તરફ ફરી એકવાર ધ્યાન દોર્યું છે. સાથે જ દુકાનોમાં સીસીટીવી, સ્ટોક ઓડિટ અને કર્મચારીઓની નિયમિત ચકાસણી જેવી વ્યવસ્થાઓને વધુ અસરકારક બનાવવાની પણ જરૂરિયાત ઉભી થઈ છે.

## અમદાવાદ પોલીસે ફરાર આરોપીઓને ઝડપી પાડવા માટે અલગ-અલગ ટીમો બનાવી તપાસ તેજ કરી છે

જાનહાનિ કે ગંભીર ઇજા નોંધાઈ નહોતી

# ડેરી ડેન સર્કલ પાસે તૂટેલા ગટરના ઢાંકણામાં ટેમ્પો ફસાયો

વડોદરા શહેરમાં ખુલ્લી ગટરો અને તૂટેલા ગટરના ઢાંકણાંનો પ્રશ્ન ફરી એકવાર ચર્ચામાં આવ્યો છે. શહેરના ડેરી ડેન સર્કલ નજીક શુક્રવારે એક ટેમ્પો તૂટેલા ગટરના ઢાંકણામાં ફસાઈ જતાં થોડીવાર માટે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. સદનસીબે આ ઘટનામાં ટેમ્પો ચાલકનો આબાદ બચાવ થયો હતો અને કોઈ જાનહાનિ કે ગંભીર ઈજા નોંધાઈ નહોતી.

જોકે આ ઘટનાએ શહેરમાં રસ્તાઓ પર રહેલા જોખમી ગટરના ઢાંકણાં અંગે ફરી પ્રશ્નો ઉભા કર્યા છે.

પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા મુજબ, ટેમ્પો સામાન્ય ગતિએ પસાર થઈ રહ્યો હતો ત્યારે રસ્તા વચ્ચે આવેલું ગટરનું ઢાંકણું અચાનક તૂટી ગયું અને વાહનનો એક ભાગ ગટરમાં ફસાઈ ગયો. ઘટનાને પગલે આસપાસના લોકો મદદ માટે દોડી આવ્યા હતા. બાદમાં વાહનને બહાર કાઢવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. ઘટનાને કારણે થોડા સમય માટે વાહન વ્યવહાર પણ પ્રભાવિત થયો હતો.

સ્થાનિક લોકોનું કહેવું છે કે વડોદરા શહેરના અનેક વિસ્તારોમાં ગટરના ઢાંકણાં તૂટેલા અથવા ગાયબ હોવાના કારણે અકસ્માતનો ભય સતત વધતો જઈ રહ્યો છે. ખાસ કરીને ભારે વાહનો, બાઈકચાલકો અને રાત્રિના સમયે પસાર થતા રાહદારીઓ માટે આવી સ્થિતિ વધુ જોખમી બની રહી છે. સમયસર સમારકામ ન થતાં આવી ઘટનાઓ વારંવાર બનતી હોવાનું પણ સ્થાનિકોએ જણાવ્યું હતું.

તાજેતરના સમયમાં અલકાપુરીના પ્રોડક્ટિવિટી રોડ વિસ્તારમાં પણ ગટરનું ઢાંકણું ગાયબ હોવાની ઘટના સામે આવી હતી. ઉપરાંત કપુરાઈ રોડ સહિતના કેટલાક વિસ્તારોમાં પણ



નબળી ગુણવત્તાના અથવા નુકસાનગ્રસ્ત ગટરના ઢાંકણાં અંગે સ્થાનિકો દ્વારા અગાઉ રજૂઆતો કરવામાં આવી હતી. તેમ છતાં અનેક સ્થળોએ સમસ્યા યથાવત હોવાનું રહેવાસીઓનું કહેવું છે.

સ્થાનિક નાગરિકોએ મહાનગરપાલિકાને શહેરભરના તમામ ગટરના ઢાંકણાંનું તાત્કાલિક સર્વેક્ષણ કરવાની માંગ કરી છે. જોખમી સ્થળોએ નવા અને મજબૂત ઢાંકણાં લગાવવા ઉપરાંત નિયમિત નિરીક્ષણની વ્યવસ્થા કરવામાં આવે તો અકસ્માતો અટકાવી શકાય તેમ હોવાનું તેઓ માને છે. સાથે જ ખુલ્લી ગટરો અથવા તુટેલા ઢાંકણાં જોવા મળે ત્યારે તાત્કાલિક કાર્યવાહી થાય તેવી વ્યવસ્થા પણ કરવાની માંગ ઉઠી છે.

શહેરમાં વધી રહેલા વાહનવ્યવહાર વચ્ચે જાહેર માર્ગોની સુરક્ષા જાળવવી અત્યંત જરૂરી બની છે. તૂટેલા અથવા ખુલ્લા ગટરના ઢાંકણાં માત્ર વાહનો માટે જ નહીં પરંતુ રાહદારીઓ માટે પણ જીવલેણ સાબિત થઈ શકે છે. સ્થાનિકોની માંગ છે કે તંત્ર આ મુદે તાત્કાલિક પગલાં ભરે જેથી ભવિષ્યમાં કોઈ મોટી દુર્ઘટના સર્જાય તે પહેલાં જ અસરકારક નિવારણ આવી શકે.

# ભારે વરસાદ અને ખાડી પૂરથી સુરતના ડાયમંડ-ટેક્સટાઈલ ઉદ્યોગને મોટો ફટકો



સુરતમાં છેલ્લા ચાર દિવસ દરમિયાન પડેલા ભારે વરસાદ અને ખાડીના પૂરથી શહેરના જનજીવનની સાથે દેશના બે સૌથી મોટા ઉદ્યોગો — ડાયમંડ અને ટેક્સટાઈલ —ને પણ મોટો આર્થિક ફટકો પડ્યો છે. પાણી ભરાવાના કારણે અનેક ઉદ્યોગો અને વેપારી વિસ્તારોમાં ઉત્પાદન તથા વેપાર સંપૂર્ણપણે ઠપ થઈ ગયો હતો. ઉદ્યોગ સંકળાયેલા વર્તુળોના પ્રાથમિક અંદાજ મુજબ ટેક્સટાઈલ ક્ષેત્રમાં આશરે ૨૦૦થી ૫૦૦ કરોડ સુધીનું નુકસાન થયું છે, જ્યારે ડાયમંડ ઉદ્યોગમાં લગભગ ૨,૦૦૦થી ૩,૦૦૦ કરોડનો કારોબાર પ્રભાવિત થયો છે.

ખાડી પૂર બાદ રાજ્ય સરકાર દ્વારા સ્થિતિની સમીક્ષા કરવામાં આવી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં ઉચ્ચસ્તરીય બેઠક યોજાઈ હતી, જેમાં અસરગ્રસ્ત વિસ્તારોમાં રાહત અને પુનઃસ્થાપન કામગીરીની સમીક્ષા કરવામાં આવી હતી. સરકાર દ્વારા પૂરથી અસરગ્રસ્ત પરિવારો માટે આર્થિક સહાયની જાહેરાત પણ કરવામાં આવી છે, જ્યારે વહીવટી તંત્રને ઝડપથી સામાન્ય સ્થિતિ પુનઃસ્થાપિત કરવા સૂચના આપવામાં આવી છે.સુરતના વરાછા વિસ્તારને ડાયમંડ ઉદ્યોગનું મહત્વપૂર્ણ કેન્દ્ર માનવામાં આવે છે. અહીં આવેલી અનેક હીરા ઘસવાની અને પોલિશિંગ યુનિટોમાં વરસાદી પાણી ઘૂસી જતાં મશીનો, સાધનો અને કાચા માલને નુકસાન થયું હોવાનું વેપારીઓએ જણાવ્યું છે. અનેક વિસ્તારોમાં પાંચથી છ ફૂટ સુધી પાણી ભરાઈ જતાં ફેક્ટરીઓ ચાર દિવસ સુધી બંધ રાખવાની ફરજ પડી હતી. વરાછાથી સીમાડા નાકા સુધીના વિસ્તારોમાં રહેતા હીરા કારીગરોના ઘરોમાં પણ પાણી ઘૂસી જતાં સામાન્ય જીવન અને રોજગાર બંને પર અસર થઈ છે.

બીજી તરફ, સુરતનો ટેક્સટાઈલ ઉદ્યોગ પણ પૂરથી ભારે પ્રભાવિત થયો છે. શહેરમાં આવેલી અંદાજે ૨૪૦ ટેક્સટાઈલ માર્કેટ્સ અને ૧૭ હજારથી વધુ દુકાનોમાંથી મોટી સંખ્યામાં દુકાનોમાં પાણી ભરાઈ ગયું હતું. ખાસ કરીને ગ્રાઉન્ડ ફ્લોર પર આવેલી દુકાનોમાં સાડી, ડ્રેસ મટિરિયલ અને અન્ય કાપડ ઉપરાંત ફર્નિચર, કોમ્પ્યુટર, એર કન્ડિશનર, બિલિંગ સિસ્ટમ, જીએસટી સંબંધિત દસ્તાવેજો અને અન્ય વ્યવસાયિક સાધનોને નુકસાન થયું છે. ઘણા વેપારીઓ માટે ફરીથી વ્યવસાય શરૂ કરવા વધારાનો ખર્ચ ઊભો થયો છે.

માર્કેટના બેઝમેન્ટમાં પાર્ક કરાયેલા અનેક વાહનો પણ પાણીમાં ડૂબી જતાં વધુ નુકસાન થયું હોવાનું વેપારીઓએ જણાવ્યું છે. શહેરમાં વર્ષ ૨૦૦૬ બાદ પ્રથમ વખત આટલા મોટા પ્રમાણમાં વેપાર અને ઉદ્યોગને અસર પહોંચી હોવાનું ઉદ્યોગજગતમાં ચર્ચાઈ રહ્યું છે. વેપારીઓનું માનવું છે કે ભારે વરસાદ ઉપરાંત ડ્રેનેજ વ્યવસ્થા અને અન્ય માળખાકીય પડકારોને કારણે પણ પાણીનો ભરાવો વધુ ગંભીર બન્યો હતો. આ દરમિયાન ભારે વરસાદ સંબંધિત વિવિધ દુર્ઘટનાઓમાં શહેરમાં જાનહાનિ પણ નોંધાઈ છે. વહીવટી તંત્ર રાહત, સફાઈ અને પુનઃસ્થાપન કામગીરીમાં વ્યસ્ત છે, જ્યારે વેપારી સંગઠનોએ ઉદ્યોગોને થયેલા નુકસાનનું સર્વેક્ષણ કરીને વિશેષ રાહત પેકેજ અને ઝડપી સહાયની માંગ કરી છે. ઉદ્યોગજગતનું માનવું છે કે ઉત્પાદન અને વેપાર ફરી સંપૂર્ણ ગતિએ શરૂ થવામાં હજુ થોડો સમય લાગી શકે છે.

